# ઑનલાઈન ઍજ્યુકેશન : વિદ્યાર્થી અને શિક્ષક

**કલ્પેશ નરેન્દ્રભાઈ સોલંકી**

આસિસ્ટન્ટ પ્રોફેસર મુન્શી મહિલા બીકૉલેજ .એડ્., ભરૂચ

મો.નં : ૯૬૮૭૭ ૦૭૬૫૦ ઈ મેઈલ : ksolanki638@gmail.com

કોણે વિચાર્યું હતુ કે આ ૨૦૨૦ માં કોરોનાનો દુકાળ પડશે અને ધીમે ધીમે કરીને લોકો પાયમાલ બની જશે ! આ વૈશ્વિક મહામારી સામે આપણે યુધ્ધની માફક આટલું બધુ ઝઝૂમવું પડશે. આ યુધ્ધના મેદાનમાં હાજરી આપ્યા વગર જ આપણે આવા ડરના માર્યા યોધ્ધા બની લડવું પડશે. ઘણા વખતથી ચાલતી આ લડત સામે હવે ક્યાં સુધી આમ ડરી ડરીને જીવ્યા કરીશું ! રાષ્ટ્રનું માનવધન આમાં વેડફાઈ ન જાય એ માટે દેશના પ્રધાનમંત્રીશ્રીએ શરૂઆતના તબક્કાઓમાં લૉક ડાઉન જાહેર કરી દીધું હતું. છતાં પણ સમય વધુને વધુ કપરો બનતો જણાયો. કોરોનાનાં કેસો ઘટવાને બદલે સતત વધતાં જ દેખાયા. આ અદ્રશ્ય વાયરસને ન તો પકડી શકાયો કે ન તો રોકી શકાયો. ત્યારે દેશને વધુ પડતા થયેલા આર્થિક નુકશાનને રોકવા માટે સરકારે ધીમે ધીમે અનલૉકના તબક્કા ચાલુ કર્યા. જેમાં ધીમે ધીમે ખાનગી વાહનોની અવર જવર શરૂ કરી, નાની દુકાનો તેમજ નાનાં વેપાર ધંધા શરૂ કર્યા તથા જીવન જરૂરિયાત માટેની સાધન સામગ્રીઓ બજારમાં ઉપલબ્ધ કરી. છતાં મારી વાત અહી અટકતી નથી. કારણ મારે વાત કરવી છે બાળકોનાં શિક્ષણની. જે શિક્ષણ તેઓ શાળા – કૉલેજમાં હાજર રહીને મેળવતા હતા, દિવસ દરમિયાન મોટાભાગનો સમય શાળામાં વિતાવતા હતા. શાળા – કૉલેજમાં શિક્ષકો – અધ્યાપકો, સાથે ભણતા તેના સહાધ્યાયી મિત્રો તેમજ શાળા – કૉલેજના એ વર્ગખંડો કે જેમાં બેસીને તેઓ જીવંત શિક્ષણ મેળવતા હતા. પરંતુ પરિસ્થિતી અહી કેવી વિકરાળ જોવા મળે છે.

અટકવાનું નામ જ ન લેતી એવી ચાલી રહેલી આ વૈશ્વિક મહામારીમાં ઘરમાં ગોંધાઈ રહેલા અનેક વિદ્યાર્થીઓનું શિક્ષણ એ સૌ માટે એક ચિંતાનો વિષય છે. કોઠારી કમિશને કહ્યું છે કે ; ભારતનું ભાવિ તેના વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે. ત્યારે શાળા – કૉલેજો યાદ આવે, તેનો વર્ડખંડ યાદ આવે કે જે વર્ગખંડમાં બેસીને વિદ્યાર્થી ભણતો હતો જ્યાં તેમના શિક્ષકો – અધ્યાપકો તેમને રૂબરૂમાં ભણાવતા હતા. શાળા – કૉલેજનું આ આખું દ્રશ્ય જ્યારે આમ માનસપટ પર ચોંટી જાય છે ત્યારે એક અનોખી અનુભૂતિ થાય એ એક સહજ બાબત કહી શકાય. આપણે જોઈએ જ છીએ કે નાનાં બાળકથી લઈને મોટું બાળક આજે ઑનલાઈન ઍજ્યુકેશનમાં સંપડાઈ ગયું છે. એમાંથી તેણે બહાર નીકળવું છે. છતા નીકળી શકાતું નથી અથવા બીજા શબ્દોમાં કહું તો છટકી શકાતું નથી. કોઈપણ કક્ષાનો વિદ્યાર્થી કોઈને કોઈ રીતે પોતાને વધારે ગમતા ઓજાર સાથે જોડાયેલો રહેવાનો તેનો અથાગ પ્રયાસ તે પોતે જાળવી રાખે છે.

આપણે સૌ જાણીએ છીએ કે શાળાએ સમાજની લઘુ આવૃત્તિ છે. જેમાં બાળક એ પરિવારનું ફૂલ છે અને શાળા – કૉલેજ માટે તે ફેલાતી સુગંધ છે. જેનાથી શાળા કૉલેજો સોળે કળાએ ખીલી ઊઠે છે. બાળક જ્યારે મોબાઈલના મધ્યમથી શિક્ષણ મેળવવાનો પ્રયત્ન કરે તો તે કેટલે અંશે વ્યાજબી ગણી શકાય ! જો કૉલેજના વિદ્યાર્થીઓએ વધુ પડતાં ઑનલાઈન ક્લાસથી કંટાળી જતાં હોય તો ભલા શાળામાં ભણતા કિશોરો, તરુણો કે બાળકોની તો વાત જ શી પૂછવી રહી ! સરકારે જારી કરેલા ઑનલાઈન ક્લાસ લેવાનાં આદેશને બધી શાળા – કૉલેજોએ અમલ કરવાની શરૂઆત કરી દીધી ત્યાં જ વળી આવી પરિસ્થિતિમાં શાળા – કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓ પાસ થયા વિના જ આગળના ધોરણનો અભ્યાસ કરવા માંડ્યા. આમ શાળામાં અભ્યાસ કરતાં કેટલાક ધોરણના વિદ્યાર્થીને માસ પ્રમોશન મળવા પાત્ર હતું અને આવી સ્થિતિમાં શાળાના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવું એ યોગ્ય ગણી શકાય. પરંતુ કૉલેજના વિદ્યાર્થીઓની હાલત અહી કફોડી બની ગયેલી જોવા મળી રહી હતી. કારણ કે આ યુવા વિદ્યાર્થીઓ માટે પરીક્ષાઓ લેવાશે એવા પરિપત્રો જાહેર થયા અને ફરી પાછી પરીક્ષા મોકૂફ રાખવામા આવી. જેવા પરિપત્રો પુનઃ જાહેર થાય ત્યારે વિદ્યાર્થી બિચારો સતત ચિંતામાં રહી સમય પસાર કરતો કરતો વિચારતો કે પરીક્ષા લેવાશે કે નહીં ? વળી જે ધોરણમાં તે ભણતો હતો એની પરીક્ષા યોજાશે કે નહીં ? તે પ્રશ્નનો ઉકેલ ન મળ્યો ‘ને પાછો જાણે બઢતી મેળવીને આગલા ધોરણનો અભ્યાસ શીખવા લાગ્યો. ઘણુંખરું શીખી ગયા બાદ સરકારનો પરિપત્ર આવ્યો કે સપ્ટેમ્બર માસમાં પરીક્ષા લઈ જ લેવી. ત્યારે કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓએ પેલું નવું નવું ભણવાનું બાજુ પર મૂકીને ફરી પાછા જે ધોરણમાં ભણતા હતા, જેના માટે તેને ઘણા બધા પ્રશ્નો સતાવ્યા કરતાં હતા એ ધોરણની તારીખ યુનિવર્સિટીએ જાહેર કરી દીધી. આવી પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓની સ્થિતિ કેવી હશે ! આગલા ધોરણનો અભ્યાસક્રમ શીખવાનો છે એવું વિચારીને પોતાની સૂઝબૂઝથી બધા વિદ્યાર્થીઓ ઑનલાઈન ક્લાસમાં જોડાયેલા રહ્યાં. આ ઑનલાઈન ક્લાસમાં તે કેટલું શીખ્યા હશે એ એક સંશોધનનો વિષય બની રહે છે.

આગળ જોયું એ મુજબ સરકારના ઘણા બધા પરિપત્રો બહાર પાડવામાં આવ્યા. એ પૈકીનો એક પરિપત્ર એટલે શાળા – કૉલેજોમાં ઑનલાઈન ક્લાસ શરૂ કરવો. આ પરિપત્ર શિક્ષકો –અધ્યાપકોની નજરે પડતાં જ તેમનામા જાત જાતના સવાલો ઊભા થવા માંડ્યા. કઈ રીતે ભણાવવું ? કઈ પદ્ધતિથી ભણાવાવવું ? આપણે તો વળી આ રીતે ભણાવ્યું જ નથી તો આ રીતે ઍજ્યુકેશન આપવાથી આપણને સફળતા મળશે ખરી ? આ બધા સવાલોમાં અટવાઈ રહેલા શિક્ષકો ઑનલાઈન ઍજ્યુકેશનથી ભણાવવાની પહેલી શરત એ જ કે દરેક પાસે સ્માર્ટ ફોન હોવો જરૂરી છે. આપણે સૌ જાણીએ છીએ કે આજના આ સ્માર્ટ જમાનામાં દરેક પાસે સ્માર્ટ ફોન હોય જ એ જરૂરી નથી. કારણ કે હું અહી માત્ર ઉચ્ચતર પગાર ધોરણ મેળવનાર સરકારી કે ગ્રાન્ટેડ શાળા કે કૉલેજના શિક્ષકો – અધ્યાપકોની જ વાત કરતો નથી. પરંતુ એક શોષિત બનેલ શિક્ષક – અધ્યાપકની ખાસ વાત કરી રહ્યો છું. ઓછા પગારમાં પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા શિક્ષકો – અધ્યાપકોની દશા તરફ એક

ડોકિયું કરીએ તો તેના જીવન નિર્વાહનો પેચીદો બનેલો મુદ્દો આંખે આવીને ચોંટશે. શિક્ષક અને અધ્યાપકો પોતે તેમના વિદ્યાર્થીઓને ઑનલાઈન ઍજ્યુકેશન આપવા માટે તૈયાર તો છે જ પરંતુ વળતરની વાત સાંભળવા મળે ત્યારે તેમના ઉપર દયા આવે એ એક સહજ બાબત છે. આ કોરોનાની મહામારીને ધ્યાને લઈ ઘણી બધી ખાનગી શાળા – કૉલેજોનાં ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પોતાના સંકુલમાં કામ કરતાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને ચૂકવતા પગાર પર એક નજર મારી લઈએ તો જ્યારથી કોરોનાએ પગપેસારો કર્યો છે ત્યારથી લઈને આજ દિન સુધી શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહી છે. એવા સમયે વિદ્યાર્થીઓ શાળા – કૉલેજોમાં જતાં નથી શિક્ષકો – અધ્યાપકો થોડા થોડા દિવસોના અંતરે શાળા – કૉલેજોમાં જતાં હોય છે. કેટલાક શૈક્ષણિક સંકુલોમાં અઠવાડિયામાં 3 દિવસ જવાનું અને 3 દિવસ રજા હોય છે. જ્યારે બીજી આવી સંસ્થાઓમાં ૧ દિવસ જવાનું અને ૧ દિવસ રજા આમ કરીને આખું અઠવાડિયું પૂરું કરવાનું હોય છે. વળી કેટલીક સંસ્થાઓમાં અઠવાડિયામાં માત્ર એક જ દિવસ જઈને પોતાની હાજરી બતાવીને સંસ્થાએ નક્કી કરેલા સમય સુધી રોકાઈને પછી ઘર ભણી પરત ફરવાનું રહે છે.

વિશ્વ પર આવી પડેલી આ આફતનો સામનો કરવો એ દરેક રાષ્ટ્ર માટે એક પડકારરૂપ બાબત કહી શકાય. તેવા વખતે જ આપણાં દેશનું આર્થિક તંત્ર પણ પડી ભાંગ્યું. જેમાં એક તરફ સરકારે શાળા – કૉલેજો બંધ કરવાનો આદેશ આપ્યો. જ્યારે બીજી બાજુ સરકારે વિદ્યાર્થીઓના વાલી તરફથી અત્યારે કોઈપણ પ્રકારની ફી નહીં ભરવાની એવો સંદેશો પાઠવ્યો. આવી સ્થિતિમાં સંચાલક મંડળ અને શૈક્ષણિક સંકુલમાં કામ કરતાં કર્મચારીઓ માટે એક ચિંતાજનક પરિસ્થિતિનું નિર્માણ થયું. કેટલીક ખાનગી સદ્ધર ગણાતી સંસ્થાએ પોતાના કર્મચારીઓને શરૂઆતના ૨ મહિના સુધી પૂરેપૂરો પગાર ચૂકવ્યો. ત્યાર બાદ અન્ય સંસ્થાઓને જોઈને પોતે પણ ૫૦% પગાર ચૂકવવાનું નક્કી કરી કર્મચારીઓની જીવન નિર્વાહની સ્થિતિ બદલી નાખી. વળી બીજી ઘણી ખાનગી સંસ્થાઓએ પોતાના કર્મચારીઓને આપતા ૫૦% થી અધોગતિ તરફ જઈને ૨૦% આપવાનું નક્કી કર્યું. જ્યારેઘણી સંસ્થાઓમાં માર્ચ મહિનાથી આજદિન સુધી બિલકુલ પગાર ચૂકવાયો જ નથી એવી સંસ્થાઓ પણ આમાથી બાકાત રહેતી નથી. ખરેખર કર્મચારીઓ માટે આ ચક્રવ્યૂહમાથી પસાર થવું એટલે લોઢાના ચણા ચાવવા બરાબર થઈ પડે છે. વિચારો કે આવી ખાનગી શાળા – કૉલેજોમાં નોકરી કરતાં શિક્ષકો – અધ્યાપકોએ લીધેલી લૉન, જુદા જુદા ક્ષેત્રોમાં ખોલાવેલા ખાતાઓ તેમજ વ્યાજદળે લીધેલા પૈસાની ભરપાઈ કરવાની થાય તો તે કેવી રીતે કરી શકે ? હપ્તાઓ કઈ રીતે કપાવ્યા હશે ? પોતાને મળતા પગારમાથી પરિવારનું ગુજરાન ચલાવવું , બાળકોને ભણાવવા જેવુ સાહસ કરીને આગળ વધવાના એમના સપનાનું શું ? કહેવાય છે ને કે સૌથી પ્રમાણિક જો કોઈ વ્યવસાય હોય તો તે શિક્ષકનો છે. આ પ્રમાણિક્તાનો ગુણ ધરાવતી વ્યક્તિ જ્યારે મુસીબતમાં હોય ત્યારે ભલા તે શું કરી શકે ? છતાં શિક્ષક પોતાના કર્તવ્યને વળગી રહીને પોતાની જે જવાબદારી છે તે નિભાવી કે

વિદ્યાર્થીઓને ઑનલાઈન ભણાવવું. તેમાથી તે છટકી જવાનો પ્રયત્ન કરતો નથી. એ શિક્ષકની મોટી બહાદુરી ગણી શકાય.

ઑનલાઈન ઍજ્યુકેશનનું મહત્વ (કોરોનાનાં સંદર્ભમાં)

વિદ્યાર્થીઓને ઘરે રહીને શિક્ષણ આપવાનો ઉત્તમ પ્રયાસ

- સંક્રમિત થવાનો ભય નહીં રહે
- માસ્ક પહેરવું, હાથને વારંવાર ધોવામાંથી મુક્તિ મળે
- ચોક્કસ સમયે ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ
- એકી સાથે બધા વિદ્યાર્થીઓને એક સરખી માહિતી આપવી
- આખા દિવસ દરમિયાન કોઈપણ સમયે તાસ લઈ શકાય
- ભાર વિનાનું ભણતર કરવી શકાય
- જરૂરી તાસ માટે પૂરતા સમયનો ઉપયોગ કરી શકાય
- તાસ દરમિયાન જરૂરી ચર્ચા કે પ્રશ્નોત્તરી કરી શકાય
- મુસાફરી કરવી કે બીજા અન્ય ખર્ચાઓ કરવામાં રાહત મળે
- સમય, શક્તિ અને નાણાનો દુર્વ્યય થતો અટકે
- Any time, Any where Teaching – Learning થઈ શકે.

**ઑનલાઈન એજ્યુકેશનની મર્યાદા (કોરોનાનાં સંદર્ભમાં)**

– નિમ્ન, મધ્યમ તથા અતિ પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે સ્માર્ટ ફૉન, લૅપટૉપ કે કમ્પ્યુટર જેવી સુવિધા ઉપલબ્ધ થતી નથી

– દ્રષ્ટિ ખામીને કારણે નડતી સમસ્યાઓ

– નેટનો થતો વધુ પડતો વપરાશ

– અંતરિયાળ વિસ્તારમાં વીજળીનો પ્રશ્ન રહે

– આવા વિસ્તારોમાં નેટ વર્કના પ્રશ્નો પણ રહે

– સ્માર્ટ ફોનની સુવિધા ઊભી કરવી પડે

– આંખોને નુકશાની થવાની શક્યતાઓ રહે

– મોબાઈલનો દુરુપયોગ થતો જણાય

– ઘરના સભ્યો માટે ક્યારેક કંટાળાજનક બની રહે

– વિડીયો ઑફ રાખી અન્ય કાર્યમાં જોડાવાની પ્રયુક્તિ

– સમગ્ર વિદ્યાર્થીઓ તરફ ધ્યાન રાખી શકાતું નથી

– વિદ્યાર્થીઓને જોડવામાં વધુ સમય માંગી લે

– વિદ્યાર્થીઓ મર્યાદિત સંખ્યામાં જ જોડાઈ શકે

– જરૂરી સૂચના ન અપાઈ હોય તો વિદ્યાર્થી પક્ષે અડચણો ઊભી થવાની શક્યતાઓ

– બૉર્ડવર્ક કરી શકાય નહીં

– મોબાઈલ ચાર્જ ન હોય તો ક્લાસમાં જોડાવું મુશ્કેલ

– દરેક વિદ્યાર્થીઓ સાથે Eye Contact માં રહેવું અશક્ય

– શીખવામાં નબળા ગણાતા વિદ્યાર્થીઓ માટે ફરી શીખવવાની વ્યવસ્થા ઊભી કરવી મુશ્કેલ

– પ્રવૃત્તિમય શિક્ષણ કાર્ય કરાવવામાં મુશ્કેલી

– અધ્યયન અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીને તકલીફ પડી શકે

**ઉપસંહાર :**

આમ શિક્ષક અને વિદ્યાર્થી એક સિક્કાની બે બાજુ છે. જેમ વિદ્યાર્થીઓ વિના શિક્ષકનું અસ્તિત્વ નથી. એ જ રીતે શિક્ષક વિના વિદ્યાર્થીઓનું શિક્ષણરૂપી ઘડતર કરવું શક્ય નથી. તેવા સમયે ઑનલાઈન ઍજ્યુકેશન એ આવી મુશ્કેલ પરિસ્થિતિમાં એક નિમિત્ત બની રહે છે. ઑનલાઈન ઍજ્યુકેશનનો સ્વીકાર કરીને સરકારે, શૈક્ષણિક સંસ્થાઓએ, આચાર્યોએ, શિક્ષક – અધ્યાપકોએ તેમજ વાલીઓએ, વિદ્યાર્થીઓએ અને સમાજે આગળ વધવાનું છે. લૉકડાઉન અને અનલૉકનાં વિવિધ તબક્કાઓમાં વિદ્યાર્થીએ મેળવેલું ઑનલાઈન ઍજ્યુકેશન અને શિક્ષકોએ – અધ્યાપકોએ આપેલું ઑનલાઈન ઍજ્યુકેશનનો એક અભ્યાસ કરીને અહી ઑનલાઈન ઍજ્યુકેશનનું મહત્વ ટાંકયું છે. તેમજ આ ઑનલાઈન ઍજ્યુકેશન આપતી વખતે શિક્ષક – અધ્યાપક અને વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ કે સમસ્યાને મર્યાદાનાં સ્વરૂપમાં રજૂ કરેલ છે. જે ઑનલાઈન ઍજ્યુકેશનની કેટલીક મર્યાદાઓ બની રહે છે.


## શિક્ષણ દર્શન ના લેખકો માટે

**શિક્ષણ દર્શન (UGC Approved Journal No. 62819) & ISSN-2319-202X) માટેના લેખો ગુજરાતીમાં શ્રુતિ (Shruti) ફોન્ટમાં ટાઇપ કરી નીચેના સરનામે મોકલો. (લેખની સોફ્ટ કોપી Dr. Jignesh B. Patel ને jig_har@yahoo.com પર ઇ-મેલ કરો.)**

**પ્રો. રમેશચંદ્ર જી. કોઠારી**

**૬૦૧, આંગન ટાવર, ભવન્સ સ્કુલની સામે, રજનીકાંત જાની- મકરપુરા રોડ, મકરપુરા, વડોદરા-૩૯૦૦૦૪**

rgkothari@gmail.com